હાસ્ય દ્વારા ઘરમાં સુખશાંતિ, ધંધામાં પ્રતિષ્ઠા, અને સંસારમાંથી સ્નેહ પ્રાપ્ત થાય છે
- ડેલ કાર્નેગી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર

gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૩૧ | ૧૧ એપ્રિલ ૨૦૧૨, બુધવાર, ચૈત્ર વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# ગુલબર્ગ પ્રકરણે નરેન્દ્ર મોદીને ક્લીન ચીટ

## નરેન્દ્ર મોદી અને અન્ય ૫૭ સામે કોઈ પુરાવા ન મળ્યા : ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ મામલામાં તપાસ કરનાર સીટે અંતિમ ક્લોઝર અહેવાલ રજૂ કરી દેતાં અટકળોનો અંત : ગુજરાતના મુખ્યપ્રધાનને રાહત

અમદાવાદ,તા. ૧૦

સમગ્ર દેશને હચમચાવી મુકનાર ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ કેસમાં તપાસ કરી રહેલી ખાસ તપાસ ટીમ (સીટ) આજે અંતિમ ક્લોઝર અહેવાલ દાખલ કર્યો હતો જેમાં સીટે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ક્લીનચીટ આપી દેવામાં આવી છે. નરેન્દ્ર મોદીને મોટી રહાત મળી છે. આ મામલામાં તપાસ કરનાર સીટને મોદીની સામે કોઈપણ પુરાવા હાથ લાગ્યા નથી. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ એમએસભટ્ટે કહ્યુ હતુ કે સીટના અહેવાલ મુજબ જાકિયાની ફરિયાદમાં કોઈ આરોપીઓ સામે કોઈ પુરાવા મળ્યા નથી. તેમની સામે કોઈ ગુના પણ સાબિત થતા નથી. સીટે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને અન્યો સામે જાકિયાની ફરિયાદ અંગે ક્લોઝર રિપોર્ટ રજૂ કર્યો હતો. જાકિયા જાફરીએ નરેન્દ્ર મોદી અને અન્ય સામોં ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા હતા. ગોધરા નજીક સાબરમતી એક્સપ્રેસ ટ્રેન અગ્નિકાંડમાં ૫૯ લોકોના મોત થયા બાદ તેના પ્રત્યાઘાત રૂપે અમદાવાદ સહિત ગુજરાત ભરમાં સાંપ્રદાયિક હિંસા ભડકી ઉઠી હતી. સાંપ્રદાયિક હિંસા ચરમસીમાએ હતી ત્યારે ૨૮મી ફેબ્રુઆરીના દિવસે તોફાની ટોળાએ અમદાવાદમાં ગુલબર્ગ હાઉસીંગ સોસાયટીમાં આગ ચાંપી દીધી હતી જેમાં ૬૯ લોકો જીવતા ભડથુ થઈ ગયા હતા. મેજિસ્ટ્રેટે કહ્યુ હતુ કે આ મામલાં ક્લોઝર અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. સીટે પોતાના અહેવાલમાં દાવો કર્યો છે કે સીટ દ્વારા તપાસ કરવામાં આવેલા તમામ કેસોમાં યોગ્ય રીતે આગળ વધવાની પ્રક્રિયા ચાલી છે. જેમાં મુખ્યમંત્રી

● અનુસંધાન પાન-૫ પર





### જાકિયાને સીટ અહેવાલની કૉપી આપવાનો હૂકમ

અમદાવાદ,તા. ૧૦

વર્ષ ૨૦૦૨ના ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ કેસમાં તપાસ કરનાર સીટે એક બાજુ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ક્લીનચીટ આપી દીધી છે. બીજી બાજુ કોર્ટે આ સમગ્ર કેસમાં તેના અંતિમ અહેવાલની એક નકલ કોંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ અહેસાન જાફરીના પત્ની જાકિયા જાફરીને આપવાનો સીટને આદેશ કર્યો હતો. અહેસાન જાફરી સહિત ૬૯ લોકો ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે તોફાની ટોળાએ સોસાયટીમાં મકાનને આગ ચાપી દેતા માર્યા ગયા હતા. જાકિયા જાફરીએ અહેવાલની નકલ માંગી હતી. મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ એમએસભટ્ટે કહ્યુ હતુ કે જાફરીને ૩૦ દિવસની અંદર અહેવાલની નકલ આપવામાં આવે તે જરૂરી છે. તેમની અરજીમાં જાકિયાએ ગોધરાકાંડ બાદની હિંસામાં સામેલ હોવાનો મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને અન્ય ૫૦થી વધુ લોકો પર આક્ષેપ કર્યો હતો. સીટને મોદી સામે કોઈ પુરાવા મળ્યા નથી.



ગ્રીષ્મની ઋતુમાં આવાં દ્રશ્યો જોવાની નવાઈ નહીં રહે. કારણ આપણે જાણીએ છીએ - ગરમી. ગરમી એ તત્ત્વ છે કે જે શ્રમિકનેય શ્રમ કરવાનું ભુલાવી દે અને આરામ કરવા માટે મજબૂર કરી દે. ભલે શ્રમિક તનથી આવી ગરમી સામે લડવા માટે તૈયાર હોય, પણ આકરી ગરમીમાં કોઈ ખરીદાર ફૂલ લેવા આવે જ નહીં, તો એકલો વેપારી જાગીનેય શું કરે ? ગ્રાહકની રાહ જોવામાં ને જોવામાં ગરમીથી અકળાઈને જરાક શરીર લંબાવ્યું ને આવી ગઈ નિદ્રારાણી. આ જ તસવીર જિંદગીની બીજી એક બાજુનાં પણ દરશ કરાવે છે. આકરી ગરમીમાં ઘરમાં જઈને પંખા નીચે સૂઈ જવાની કે ઑફિસના પંખા નીચે ઝોકાં ખાવાની ઈચ્છા આવા અનેક શ્રમિકોને હશે, પણ એમ કરવાનું એમને પોસાય તેવું નથી ! (તસવીર : દિપક જાની)

# કલોલમાંથી સ્વાઈન-ફ્લુનો શંકાસ્પદ કેસ મળી આવ્યો

## જિલ્લામાં સિઝનનો પ્રથમ કેસ મળી આવતાં આરોગ્ય તંત્રમાં દોડધામ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાંથી એક શંકાસ્પદ સ્વાઈન ફ્લુનો કેસ મળી આવતાં જિલ્લા આરોગ્યતંત્ર ચોકી ઉઠ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સગર્ભા મહિલા સ્વાઈન-ફ્લુના શંકાસ્પદ દર્દી તરીકે મળી આવેલ છે. જે હાલ અમદાવાદ સ્થિત એક ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેના સીરમના નમુના આજે બપોર બાદ મેળવી ચકાસણી માટે મોકલવામાં આવ્યા છે.

૩૦ વર્ષની આયુ ધરાવતી આ મહિલા છેલ્લા બે-ત્રણ દિવસથી સારવાર હેઠળ હતી. આ પછી તેણીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે આરોગ્ય તંત્રએ મહિલાના રહેઠાણની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરી હતી. જ્યાં તેમને આ રોગ સંદર્ભે કોઈ વિગતો સાંપડી નથી.

જિલ્લામાં સ્વાઈન-ફ્લુના કેસો અંગે રાજ્યના આરોગ્યતંત્રએ તંત્રને એલર્ટ આપ્યું જ છે. આ સિઝનનો પ્રથમ કેસ જિલ્લામાંથી મળી આવ્યો છે. અગાઉ બે વર્ષ પૂર્વે સ્વાઈન-ફ્લુના કેસો મળ્યા હતા.

# પેથાપુર પાલિકાની પેટાચૂંટણીમાં ભાજપના જીતેન્દ્રસિંહ વાઘેલા વિજયી

ગાંધીનગર, તા. ૧૦

પેથાપુર નગરપાલિકાની પેટા ચૂંટણીમાં ભાજપના શ્રી જીતેન્દ્રસિંહ વાઘેલાનો આજે ૮૮ મતે વિજય થયો હતો.

ગત તા. ૮મી એપ્રિલના રોજ યોજાયેલ ચૂંટણીમાં ૮૩ ટકા જેટલા વિક્રમી મતદાન બાદ આજે સવારે મામલતદાર કચેરી ખાતે સવારે નવ વાગે મતગણતરી હાથ ધરવામાં આવી હતી.

આ પેટા ચૂંટણીમાં ૧૩૮૭ મતનું જંગી મતદાન થયું હતું. પેથાપુરની આ પેટા-ચૂંટણીમાં ભાજપના ઉમેદવારનો વિજય થતાં હવે ભાજપની બહુમતિ એક બેઠકની થવા પામી છે. અગાઉ આ નગરપાલિકા કોંગ્રેસે ભાજપ પાસેથી એક બેઠકની બહુમતીથી જ મેળવી હતી.

મતગણતરીના પ્રથમ રાઉન્ડમાં જ ભાજપના શ્રી જીતેન્દ્રસિંહ વાઘેલાએ કોંગ્રેસના શ્રી સૂર્યસિંહ ડાભી પર સરસાઈ મેળવી હતી પરંતુ બીજા રાઉન્ડમાં ગણતરી દરમ્યાન શ્રી સૂર્યસિંહ ડાભીએ ૧૭૬ મતની સરસાઈ કાપી હતી પરંતુ ૮૮ મતથી ભાજપના ઉમેદવારનો વિજય થયો હતો.

ભાજપના ઉમેદવાર શ્રી જીતેન્દ્રસિંહ વાઘેલાના થયેલા વિજયથી જિલ્લા ભાજપમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.

મતગણતરી બાદ શ્રી વાઘેલા કાઉન્ટીંગ હોલમાંથી બહાર બહાર આવતાં જ તેમના સમર્થકોએ તેમને ભારત માતા કી જય અને ભાજપ ઝિંદાબાદના નારાઓ સાથે વધાવી લીધા હતા.

કોંગ્રેસના શ્રી સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું હતું કે અમે જનાદેશને માથે ચડાવીએ છીએ.

# ઠાકોર સમાજ મહા અધિવેશન અને જાગૃતિ અભિયાન

## એક જ દિવસે એક જ સ્થળે કોઈપણ જાતના રાજકારણ વગર ફક્ત સમાજના વિકાસ માટે સમ્રગ ઠાકોર સમાજના ૨૧ લાખ થી વધુ ઠાકોર એકત્રિત થશે

ઠાકોર શકરાજી મંગાજીના ગાંધીનગર નિવાસ સ્થાને ઠાકોર સમાજનું એક મહા અધિવેશન થાય તે માટે ભગવાન મહાદેવની અખંડ જ્યોત ઘણા સમયથી ચાલુ કરેલ છે. તેમના આ ઉમદા વિચારને સહયોગ આપવા માટે તા. ૯-૪-૧૨ના રોજ ઠાકોર સમાજના અગ્રણીશ્રી ઠાકોર રોહીતજી ચંદુજી (આંબલીવાળા-અમદાવાદ, પ્રમુખશ્રી અખિલ ગુજરાત કેળવણી મંડળ) તેમજ સમાજનાં અગ્રણીશ્રી શ્રી ગોપાલજી ધુરાજી ઠાકોર (પોરવાળા), નારણસિંહ ઠાકોર, બકાજી ઠાકોર, લક્ષ્મણસિંહ વાઘેલા, જયદીપસિંહ ગોપાલજી ઠાકોર (ચંદ્રાસણ), ચંદુજી ઠાકોર (ભગત), જયંતિજી ઠાકોર, છત્રસિંહજી ઝાલા-સરપંચશ્રી લિહોડા, દિપસિંહ ઠાકોર-સરપંચશ્રી ડુમેચા, નવીનભાઈ ઠાકોર-સરપંચશ્રી ખાનપુર, ચંદુજી ઠાકોર-સરપંચશ્રી નાયણાવટ (ખાપરેશ્વર), ગોવિંદજી ઠાકોર-સરપંચ શ્રી અંતોલી, દિનેશ ઝાલા-સરપંચશ્રી જીંડવા, પ્રહલાદજી ઠાકોર (પ્રાંતિયા), પંકજભાઈ ઠાકોર, મણાજી ઠાકોર, રમેશભાઈ ઠાકોર, જયમલભાઈ, નાગજીભાઈ, કાંતિજી ઠાકોર, મહેન્દ્રસિંહ ઠાકોર, ભીખાજી ઠાકોર, દિવાનજી ઠાકોર, પ્રો. અનંત ઠાકોર (એચ. કે. કોમર્સ કોલેજ), જયંતીજી ઠાકોર, પ્રો. ભરતભાઈ ઠાકોર તથા સમાજના ઘણા બધા અગ્રણીઓની હાજરીમાં મિટિંગ મળેલી અને જેમાં ઠાકોર શકરાજી મંગાજી દ્વારા શરૂ કરવામાં આવેલ મહાદેવની અખંડ જ્યોતને સમર્થન આપી સમગ્ર ગુજરાત ઠાકોર સમાજનું એક મહા અધિવેશનનું આયોજન કરવાની શરૂઆત કરેલ છે.


આ મિટિંગમાં નીચેના મુદ્દાઓનું આયોજન કરેલ છે. (૧) ઠાકોર સમાજનો સર્વાંગી વિકાસ થાય (૨) ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સમાજનો વિકાસ (૩) જ્ઞાતિમાં ઝાલા, પરમાર, સોલંકી, મકવાણા, ચૌહાણ, રાઠોડ, વાઘેલા વગેરેની રાજા-મહારાજાઓના રજવાડાઓના વંશ પરંપરાથી ચાલી આવતી પ્રથાને લીધે ઠાકોર સમાજને ઓળખી શકાતો નથી તો ફક્ત ઠાકોર સમાજથી જ ઓળખાય એ માટે ઠાકોર અટક લખવી (પેટાજ્ઞાતિમાં પોતાની વંશ પરંપરાગતથી ચાલી આવતી મૂળ અટક લખવી) અને નવા બાળકોને ઠાકોર અટકથી જ નામ લખાવવું એવો ઉમદા અભિગમ નક્કી કરેલ છે. (૪) સમાજમાં બાળ લગ્નો નાબૂદ કરવા તથા વ્યસન મુકત સમાજની રચના કરવી. (૫) રાષ્ટ્રીય ક્ષત્રિય ઠાકોર સમાજની વેબસાઈટનું આયોજન.

ઉપરોક્ત મુદ્દા સાથે મહા અધિવેશનનો શુભારંભ આજના શુભ દિવસથી શરૂ કરેલ છે અને આવનાર દિવસોમાં ગુજરાતના તમામ તાલુકા, જિલ્લા, ગામડા, શેરીઓમાં ખાટલા પરિષદનું આયોજન નક્કી કરવામાં આવેલ છે અને તેના અનુસંધાને તા. ૧૪-૪-૧૨ નાં રોજ શ્રી ડભોડીયા હનુમાનદાદાનાં મંદિર ખાતે સાંજે ૪ કલાકે મીટીંગનું આયોજન કરેલ છે. તેમાં ગાંધીનગર શહેર, ગાંધીનગર તાલુકો અને દહેગામ તાલુકાના સમાજના અગ્રણીઓને હાજર રહેવા ભાવભર્યું આમંત્રણ છે.


TET વિસનગર : ૧૫-૪-૨૦૧૨ થી TETમાં પ્રવેશ શરૂ
19000+થી વધુ જગાઓ
ધો-1 થી 5 તથા ધો-6 થી 8 માટે ફી માત્ર રૂા.28000/-
PTC / PTC સાથે ગ્રેજ્યુએટ અથવા B.Ed. ઉમેદવારો માટે જ !
પાટણ-પાલનપુર-વિસનગર-હિંમતનગર-ગાંધીનગર-મહેસાણા-કડી
PSI ગેરંટેડ કોર્ષમાં પ્રવેશ માટે "પાટણ-પાલનપુર"
PSI-કોન્સ્ટેબલ પરીક્ષા સંભવિત જૂન/જુલાઈ-૨૦૧૨
પાટણ-પાલનપુર ખાતે પ્રવેશ માટે રૂબરૂ મળવું
ક્લાર્ક બિન સચિવાલય
શનિ/રવિ માટે "ફાસ્ટ ટ્રેક બેચ" 2012
બિન સચિવાલય ક્લાર્ક / કોન્સ્ટેબલ / ગુજરાત હાઈકોર્ટ ક્લાર્ક
ફક્ત ગાંધીનગર/મહેસાણા બેચ શરૂ તા.15-4-2012
ફી માત્ર Rs.14,000/- સમય બપોરના 3 થી 6
150+થી વધુ 'મેજીસ્ટ્રેટ'ની ટૂંક સમયમાં 'સીધી ભરતી'
લાયકાત : ગ્રેજ્યુએટ તથા એલ.એલ.બી., ઉંમર : 21 થી 35 વર્ષ
વર્ગ શરૂ થવાની તા.28-4-2012 (ફક્ત ગાંધીનગર ખાતે)
બેચનો સમય સાંજે 7.30 થી 9.30 (સોમથી શુક્ર) ફી માત્ર રૂા.31,000/-
મેજીસ્ટ્રેટ LLBના વિદ્યાર્થીઓ માટે ખાસ
TCCI Education Private Limited
ઉત્તર ગુજરાતની 7 શાખાઓમાં પ્રત્યક્ષ/રૂબરૂ શિક્ષણ આપતી એકમાત્ર સંસ્થા
મહેસાણા 75672 83798 — પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. રૂબરૂ/ફોન સંપર્ક : સોમથી શનિ (સવારના ૯.૩૦ થી સાંજના ૪.૦૦) દર મંગળવારે રજા
ગાંધીનગર 99256 98721 — પ્લોટ-૩૨૮/૨, પ્રથમ માળ, ઘ-૨થી ચ-૨ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-૭/એ. રૂબરૂ/ફોન સંપર્ક : સોમથી શનિ (બપોરે ૩.૦૦ થી ૪.૦૦ સુધી) દર રવિવારે રજા
પાટણ 99255 53503 — એસ-૧૪૩થી ૧૪૭, પ્રથમ માળ, તિરૂપતિ બજાર, સિધ્ધપુર ચાર રસ્તા, પાટણ. રૂબરૂ/ફોન સંપર્ક : સોમથી શનિ (સવારે ૯.૩૦ થી સાંજે ૪.૦૦ સુધી) દર શુક્રવારે રજા
પાલનપુર 99256 98721 — એફ-૨૮, પ્રથમ માળ, સરકારી વસાહત સામે, કોલેજ રોડ, તિરૂપતિ પ્લાઝા, પાલનપુર. રૂબરૂ/ફોન સંપર્ક : સોમથી શનિ (સવારે ૯.૩૦ થી સાંજે ૪.૦૦ સુધી) દર ગુરૂવારે રજા
હિંમતનગર 97258 68704 — બીજો માળ, યામાહા શો-રૂમની ઉપર, મોતીપુરા સર્કલ, હિંમતનગર. રૂબરૂ/ફોન સંપર્ક : સોમથી શનિ (સવારે ૯.૩૦ સાંજે થી ૪.૦૦ સુધી) દર બુધવારે રજા
વિસનગર 99099 24328 — ૧૪, પ્રથમ માળ, સ્પાન ચંદન મોલ, ડોસાભાઈ બાગની સામે, ICICI બેંકની ઉપર, વિસનગર. વિસનગરની શાખામાં પ્રવેશ શરૂ થશે 15-4-2012 થી દર સોમવારે રજા
કડી-ઈડર-મોડાસામાં ટૂંક સમયમાં : Rajubhai Patel-9925698721
TCCI 'KNOWLEDGE VALLEY' PUBLICATION
?????...!!! ટૂંક સમયમાં ઊચ્ચ ગુણવત્તા ધરાવતું સાહિત્ય !
ONLINE EDUCATION : 21 નવી શાખાઓ
(મધ્ય-દક્ષિણ) ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં !
1-6-2012થી ગાંધીનગર શાખાનું નવું સરનામું
શ્રી સ્કવેર, બીજા માળે, 206, પેથાપુર સર્કલ નજીક, મહુડી રોડ, પેથાપુર, ગાંધીનગર



ગાંધીનગરમાં ફોક્સવેગનનો ભવ્ય લોન તથા એક્ષચેન્જ કાર્નીવલ
www.volkswagen.co.in
Volkswagen. Das Auto.




વેન્ટો ડીઝલ તથા પોલો ડીઝલ હાજરમાં ઉપલબ્ધ



લોન કમ એક્ષચેન્જ કાર્નીવલ : મંગળવાર-બુધવાર (તા. ૧૦ - ૧૧ એપ્રીલ)
સ્થળ : ફોક્સવેગન કર્ણાવતી, પ્લોટ નં. ૧૦૦૨, જી.આઈ.ડી.સી., ડી. એસ. પી. ઓફીસની સામે, સે. ૨૮, ગાંધીનગર. M : 9925005642

Special offer for Doctors, Government employees, Insurance company employees and selected Corporates. *Terms and conditions apply. Accessories shown and features listed may not be part of standard equipment. All offers from Volkswagen dealer. For further details, please visit our dealership at:

Volkswagen Karnavati, Parklane Cars Pvt.Ltd. (Punjab Automobiles Group),
75, Brahma Kshatriya Society, Gujarat College Road, Ellis Bridge, Ahmedabad - 380006 Phone : 079 - 31901100.